JSW Colouron+ | ISC | durashine | TATA SHAKTEE
ALEVATE — PERFORMANCE AT ITS PEAK — Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

» શુટ - શેરવાનીનું ફેન્સી ફેબ્રિક્સ મળશે
» રેડીમેઇડ શેરવાની શુટ, કુર્તા, સલવાર તેમજ ડિઝાઇનર પઠાની મળશે.
» બ્રાઇડલ લેંઘાં અને ગાઉન મળશે.
SINGAPURI® FASHION
Fabric, Ethnic, Bridal
"શહેરનાં હાર્દ વિસ્તારમાં ફેશનની આકર્ષક સ્ટાઇલ્સ"
Opp. Wedding Showroom, Near Lalgate, Surat
+91-98252 33451
+91-98253 77767

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૦ આસો વદ એકમ શુક્રવાર ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૮૬

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# રેલવેએ રિઝર્વેશન માટેનો સમય ઘટાડીને ૬૦ દિવસનો કર્યો

**પહેલી** નવેમ્બરથી આ વ્યવસ્થા અમલી બનશે, ૩૧ ઓક્ટોબર સુધીમાં થઇ ગયેલા રિઝર્વેશનોને આનાથી કોઇ અસર નહીં થાય

**વિદેશી** પર્યટકો માટે એક વર્ષ અગાઉથી આરક્ષણ કરાવી શકવાની વ્યવસ્થા પણ યથાવત રહેશે

**2015માં** સમયગાળો 60થી વધારી 120 દિવસ કરાયો હતો

**નવી દિલ્હી, તા. 17 (PTI):** રેલવે બોર્ડે ટ્રેનોની સીટોના એડવાન્સ રિઝર્વેશન માટેનો સમયગાળો પહેલી નવેમ્બર, ૨૦૨૪થી અમલી બને તે રીતે ૧૨૦ દિવસ પરથી ઘટાડીને ૬૦ દિવસનો કર્યો છે. એવો નિર્ણય લેવાયો છે કે તા ૧-૧૧-૨૦૨૪થી ટ્રેનો માટેની એડવાન્સ રિઝર્વેશનની સમય મર્યાદા ૧૨૦ દિવસ પરથી ઘટાડીને ૬૦ દિવસની કરી છે(મુસાફરીની તારીખ સિવાય), એમ રેલવે બોર્ડનું તારીખ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૪નું એક સર્ક્યુલર જણાવે છે. જો કે ૩૧ ઓક્ટોબર સુધી ૧૨૦ દિવસ સુધીના એઆરપી(એડવાન્સ રિઝર્વેશન પિરીયડ) હેઠળ કરવામાં આવેલા તામ બુકિંગો યથાવત રહેશે એમ તેમાં વધુમાં જણાવાયું હતું. આ પરિપત્રમાં જો કે એઆરપી ઘટાડવા માટેનું કોઈ કારણ આપવામાં આવ્યું ન હતું. બોર્ડના જણાવ્યા પ્રમાણે ૬૦ દિવસના એઆરપીના ઉપરવટ કરવામાં આવેલ બુકીંગના કેન્સલેશનની અલબત્ત, માન્યતા આપવામાં આવશે. કેટલીક ચોક્કસ દિવસના સમયની ટ્રેનો જેવી કે તેજસ એક્સપ્રેસ, ગોમતી એક્સપ્રેસ વગેરેના કિસ્સામાં કઇ ફેરફાર થશે નહીં જેમના માટે

...અનુસંધાન પાના 12 પર



## કેન્સલેશનનું ઉંચુ પ્રમાણ, બર્થ્સ વેસ્ટેજ એ રિઝર્વેશન પીરિયડ ઘટાડવાનું ખાસ કારણ

**નવી દિલ્હી.** રેલવે બોર્ડે ટ્રેન મુસાફરી માટે એડવાન્સ રિઝર્વેશનનો સમયગાળો હાલના ૧૨૦ દિવસ પરથી ઘટાડીને ૬૦ દિવસનો કર્યો છે તે નિર્ણયને વાજબી ઠરાવતા રિઝર્વેશન રદ કરાવવાનું ઉંચુ પ્રમાણ અને બર્થો નકામી જવાને કારણો તરીકે ગણાવ્યા હતા. બોર્ડના જણાવ્યા પ્રમાણે હાલમાં રિઝર્વેશન કેન્સલ કરાવવાનું પ્રમાણ ૨૧ ટકા જેટલું છે અને ૪થી ૫ ટકા મુસાફરો એવા હોય છે કે જેઓ રિઝર્વેશન કરાવ્યું હોવા છતા મુસાફરી માટે આવતા નથી. આના કારણે તેમની બેઠકો કે બર્થ નકામા જાય છે. વળી તેમની જગ્યાએ કોઇ અન્ય વ્યક્તિ રિઝર્વેશન કરાવનાર પોતે હોવાનો દાવો કરીને આવે, રેલવે અધિકારીઓ ગેરકાયદે રીતે નાણા લે વગેરે છેતરપિંડીઓ પણ થઇ શકે છે. હવે આ અટકાવી શકાશે એમ બોર્ડની પ્રેસનોટમાં જણાવાયું હતું. લાંબો સમયગાળો હોય તો કેટલાક લોકો ટિકીટો બ્લોક કરી લે તેવી તકો પણ વધે છે. ટૂંકા ગાળામાં ખરેખરા મુસાફરો જ વધુ ટિકીટો લે તેને પ્રોત્સાહન મળશે એમ બોર્ડે જણાવ્યું હતું. ઓછા કેન્સલેશન અને નહીં આવવાનું પ્રમાણ ઘટતા રેલવેને માગની સ્થિતિ બહેતર સમજાશે અને એડવાન્સમાં વધુ સ્પેશ્યલ ટ્રેનોનું આયોજન કરી શકાશે એમ બોર્ડે જણાવ્યું હતું.

## ન્યૂઝ બ્રીફ

### સીજેઆઇ ચંદ્રચૂડે પોતાના અનુગામી તરીકે જસ્ટિસ સંજીવ ખન્નાના નામની ભલામણ કરી

**નવી દિલ્હી.** ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા(સીજેઆઇ) ડી. વાય. ચંદ્રચૂડે પોતાના અનુગામી તરીકે જસ્ટિસ સંજીવ ખન્નાના નામની ભલામણ કરીને નવા સીજેઆઇના નિમણૂકની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. વિદાય લઇ રહેલા ચીફ જસ્ટિસ પછી સંજીવ ખન્ના એ વરિષ્ઠતમ જજ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સીજેઆઇ ચંદ્રચૂડે બુધવારે કેન્દ્રીય કાયદા મંત્રાલયને એક પત્ર લખ્યો છે જેમાં જસ્ટિસ ખન્નાના નામની ભલામણ પોતાના અનુગામી તરીકે કરી છે. જસ્ટિસ ખન્ના હવે ૧૧મી નવેમ્બરે ભારતના ૫૧મા વડા ન્યાયમૂર્તિ બનવા માટે સજ્જ છે. સુપ્રીમ કોર્ટમાં તેમને ૧૮ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ લાવવામાં આવ્યા હતા. તેઓ ૧૩ મે, ૨૦૨૫ના રોજ નિવૃત થનાર છે આથી સીજેઆઇ તરીકેનો તેમનો કાર્યકાળ છ મહિના કરતા પણ ઓછા સમયનો રહેશે. જસ્ટિસ ખન્નાને ૨૦૦૫માં દિલ્હી હાઇકોર્ટના એડિશનલ જજ તરીકે બઢતી આપવામાં આવી હતી અને ૨૦૦૬માં તેમને કાયમી કરવામાં આવ્યા હતા. ૧૪ માર્ચ, ૧૯૬૦ના રોજ જન્મેલા જસ્ટિસ ખન્નાએ કાયદાનો અભ્યાસ દિલ્હી યુનિવર્સિટીના કેમ્પસ લો સેન્ટરમાં કર્યો હતો. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ ખન્નાના કેટલાક નોંધપાત્ર ચુકાદાઓમાં ચૂંટણીમાં ઇવીએમના ઉપયોગને યોગ્ય ઠરાવતા ચુકાદાનો સમાવેશ થાય છે

...અનુસંધાન પાના 12 પર

### પ્રથમ વાર 'કાંદા એક્સપ્રેસ' દિલ્હીમાં 1,600 ટન ડુંગળી લાવશે

**નવી દિલ્હી.** તહેવારોની મોસમ પહેલાં ડુંગળીના વધતા જતા ભાવને અંકુશમાં લેવાના નોંધપાત્ર પગલામાં સરકાર મહારાષ્ટ્રથી દિલ્હી સુધી રેલવે મારફતે 1,600 ટન બફર સ્ટોક દિલ્હી લાવશે. રસોડાની મુખ્ય વસ્તુ માટે રેલ પરિવહનનો ઉપયોગ કરવાની આ પ્રથમ પહેલ છે. ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ ગુરુવારે જાહેરાત કરી હતી કે, ' ''કાંદા એક્સપ્રેસ' તરીકે ઓળખાતી વિશેષ રેક મહારાષ્ટ્રના લાસલગાંવ રેલવે સ્ટેશનથી ઉપડશે અને 20 ઓક્ટોબરે દિલ્હીના કિશનગંજ રેલવે સ્ટેશન પહોંચશે.'' સરકારને અપેક્ષા છે કે, આ જથ્થાબંધ પરિવહનથી દિલ્હી-એનસીઆર પ્રદેશમાં કિંમતોને સ્થિર કરવામાં મદદ મળશે, જ્યાં બફર સ્ટોક ડુંગળી હાલમાં 35 રૂપિયા પ્રતિ કિલોના સબસિડીવાળા દરે વેચાઈ રહી છે. હાલમાં, છૂટક ભાવ વિવિધ શહેરોમાં પ્રતિ કિલો રૂ. 75 સુધીના ઊંચા સ્તરે છે. ખરેએ જણાવ્યું હતું કે, ' 'આ રેલ પરિવહન પહેલ ઐતિહાસિક છે. આવી જ વ્યવસ્થા લખનૌ, વારાણસી અને આસામ, નાગાલેન્ડ અને મણિપુર સહિતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પણ લાગુ કરવામાં આવશે.

# ભારતીય ટીમે ઘરઆંગણે રમાયેલી ટેસ્ટમાં પોતાના સૌથી ઓછા સ્કોરે આઉટ થવાનો રેકોર્ડ કર્યો



**ટેસ્ટમાં ઘરઆંગણે ભારતીય ટીમનો સૌથી ઓછો સ્કોર**

| સ્કોર | ઓવર | હરીફ | સ્થળ | તારીખ |
|---|---|---|---|---|
| 46 | 31.1 | ન્યૂઝીલેન્ડ | બેંગલુરૂ | 17 ઓક્ટોબર 2024 |
| 75 | 30.5 | વેસ્ટ ઈન્ડિઝ | દિલ્હી | 25 નવેમ્બર 1987 |
| 76 | 20 | દક્ષિણ આફ્રિકા | અમદાવાદ | 3 એપ્રિલ 2008 |
| 83 | 27 | ન્યૂઝીલેન્ડ | મોહાલી | 10 ઓક્ટોબર 1999 |
| 88 | 33,3 | ન્યૂઝીલેન્ડ | મુંબઇ | 12 માર્ચ 1965 |

**ટેસ્ટમાં વિદેશની ધરતી પર ભારતના સૌથી ઓછા સ્કોર**

| સ્કોર | ઓવર | હરીફ | સ્થળ | તારીખ |
|---|---|---|---|---|
| 36 | 21.2 | ઓસ્ટ્રેલિયા | એડિલેડ | 17 ડિસેમ્બર 2020 |
| 42 | 17 | ઈંગ્લેન્ડ | લોર્ડ્સ | 20 જૂન 1974 |
| 58 | 21.3 | ઓસ્ટ્રેલિયા | બ્રિસ્બેન | 28 નવેમ્બર 1947 |
| 58 | 21.4 | ઈંગ્લેન્ડ | માન્ચેસ્ટર | 17 જુલાઇ 1952 |
| 66 | 34.1 | દક્ષિણ આફ્રિકા | ડરબન | 26 ડિસેમ્બર 1996 |

* ઓસ્ટ્રેલિયા સામે 1947માં રમાયેલી ટેસ્ટ દરમિયાન 8 બોલની ઓવર ગણાતી હતી

**37 વર્ષ** પહેલા વેસ્ટઇન્ડિઝ સામે દિલ્હી ટેસ્ટમાં 75 રને ઓલઆઉટ થઇ તે ભારતનો ઘરઆંગણે સૌથી ઓછો સ્કોર હતો

**ટેસ્ટ ક્રિકેટમાં** સૌથી ઓછા સ્કોર 36 રને ઓલઆઉટ થવાનો ભારતનો રેકોર્ડ વિદેશમાં એડિલેડ ટેસ્ટ 2020માં નોંધાયો હતો

**બેંગલુરુ, તા. 17 :** ભારતીય ક્રિકેટ ટીમ માટે આજે ગુરૂવારનો દિવસ દુ:સ્વપ્ન જેવો રહ્યો હતો. ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ભારતીય ટીમનો પ્રથમ દાવમાં માત્ર 46 રનમાં વિંટો વળી ગયો હતો અને ભારતમાં રમાયેલી કોઈપણ ટેસ્ટમાં ટીમ ઇન્ડિયાનો આ સૌથી ઓછો સ્કોર છે, જ્યારે ઓવરઓલ ટેસ્ટમાં આ તેનો ત્રીજો સૌથી ઓછો સ્કોર છે.

આ પહેલા ઘરઆંગણે ભારતીય ટીમનો સૌથી ઓછો સ્કોર 37 વર્ષ પહેલા 1987માં વેસ્ટઇન્ડિઝ સામે દિલ્હીમાં રમાયેલી ટેસ્ટમાં બન્યો હતો.

તે સમયે ભારતીય ટીમ 75 રનમાં ઓલઆઉટ થઇ હતી. આ ઉપરાંત અમદાવાદમાં 2008માં દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટમાં ભારતીય ટીમ 76 રને ઓલઆઉટ થઇ હતી. ભારતીય ટીમ સૌથી ઓછા સ્કોરે આઉટ થવાનો રેકોર્ડ વિદેશની ધરતી પર 2020માં ઓસ્ટ્રેલિયામાં રમાયેલી એડિલેડ ટેસ્ટમાં નોંધાયો હતો. તે સમયે ભારતીય ટીમ માત્ર 36 રનમાં ઓલઆઉટ થઇ હતી અને તે સિવાય ઈંગ્લેન્ડ સામે 1974માં રમાયેલી લોર્ડ્સ ટેસ્ટમાં ભારતીય ટીમ 42 રને ઓલઆઉટ થયા પછી આ ત્રીજો સૌથી ઓછો સ્કોર બન્યો હતો.

# નાગરિક ધારાની કલમ ૬એની વૈધતા સુપ્રીમે માન્ય રાખી

**આ કલમ આસામમાં જાન્યુઆરી, ૧૯૬૬ અને માર્ચ ૨૫, ૧૯૭૧ વચ્ચે આવ્યા હોય તેવા સ્થળાંતરિતોને ભારતીય નાગરિકતા આપે છે**

**પાંચ** જજોની બંધારણીય બેન્ચે નાગરિકત્વ ધારામાં આસામ કરાર પછી ઉમેરવામાં આવેલી આ કલમની બંધારણીય વૈધતા ૪:૧ના બહુમતિ ચુકાદાથી માન્ય રાખી

**નવી દિલ્હી, તા. 17 (PTI):** એક બહુમતિ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આજે નાગરિકત્વ ધારાની કલમ ૬એની બંધારણીય વૈધતા માન્ય રાખી હતી જે કલમ આસામમાં જાન્યુઆરી, ૧૯૬૬ અને માર્ચ ૨૫, ૧૯૭૧ વચ્ચે આવ્યા હોય તેવા સ્થળાંતરિતોને ભારતીય નાગરિકતા આપે છે. ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની પાંચ જજોને બંધારણ બેન્ચે કહ્યું હતું કે આસામ કરાર એ ગેરકાયદે માઈગ્રેશનનો એક રાજકીય ઉકેલ હતો. નાગરિકતા ધારામાં ઉમેરવામાં આવેલી કલમ ૬એ આસામ કરાર હેઠળ આવરી લેવાયેલા લોકોને નાગરિકતા આપવાની સાથે કામ પાર પાડે છે. સીજેઆઈએ પોતાના માટે ચુકાદો લાખતા આ કલમની વૈધતા માન્ય રાખી હતી અને કહ્યું હતું કે આસામમાં માઈગ્રન્ટોના પ્રવાહનું પ્રમાણ અન્ય રાજ્યોની સરખામણીમાં જમીનનું નાનુ કદ અને વિદેશોની શોધખોળ વધુ સાવધાનીપૂર્વક કરવામાં આવે છે તે જોતા ઉંચુ જણાય છે. આ ઉપરાંત જસ્ટિસ સૂર્યકાંત, જેમણે પોતાના માટે ચુકાદો લખ્યો હતો તેઓ અને જસ્ટિસો એમ.એમ. સુંદરેશ અને

...અનુસંધાન પાના 12 પર

# ચીને ભૂટાનમાં 22 ગામો વસાવ્યાં, હવે ડોકલામ પર નજર

**આ ગામોના** નિર્માણ માટે ચીને ભૂટાનના લગભગ 825 ચોરસ કિમી વિસ્તાર પર કબજો જમાવ્યો છે

**નવી દિલ્હી, તા. 17.** ચીને ભૂતાનની પરંપરાગત સીમાઓનું ઉલ્લંઘન કરીને દેશમાં 22 ગામોને વસાવી લીધાં છે. તાજેતરમાં એક રિસર્ચ રિપોર્ટમાં આ વાત સામે આવી છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચીનના આ 22 ગામોમાંથી 19 સંપૂર્ણપણે રહેણાક ગામો છે, જ્યારે ત્રણ ઓછી વસ્તીવાળા વિસ્તારો છે. આને પછીથી નાના શહેરોમાં રૂપાંતરિત કરવામાં આવશે. ચોંકાવનારી વાત એ છે કે, આ 22 ગામોમાંથી સાતમાં નિર્માણકાર્ય 2023માં શરૂ થયું હોવાનું બહાર આવ્યું હતું. એટલે કે ચીને છેલ્લા દોઢ વર્ષમાં આ કબજા હેઠળના વિસ્તારોમાં નિર્માણકાર્ય ઝડપથી વધાર્યું છે.

તિબેટીયન વિશ્લેષકોના નેટવર્ક ટર્કોઇઝ રૂફના આ તાજેતરના અહેવાલમાં હિમાલયન ક્ષેત્રના બદલાતા ભૌગોલિક રાજકીય ક્ષેત્રને લઈને ઘણા ચોંકાવનારા દાવા કરવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર, ચીને 2016માં તેની સરહદ પારના વિસ્તારોમાં નિર્માણ કાર્ય શરૂ કર્યું હતું, જેને ભૂટાનના પ્રદેશ તરીકે ઓળખવામાં આવે છે. વિદેશી

...અનુસંધાન પાના 12 પર

# બહરાઇચ હિંસા: પોલીસ સાથે અથડામણ બાદ પાંચ શકમંદો પકડાયા, બેને ગોળીથી ઇજા

**પાંચેય** જણા નેપાળ ભાગી છૂટવાનો પ્રયાસ કરતા હોવાનો પોલીસનો દાવો

**ગોળીબારમાં** બે જણાને ગંભીર ઇજા થઇ છે અને સારવાર હેઠળ છે

**યુપી** પોલીસની કામગીરી સામે વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા



**બહરાઇચ (UP), તા. 17 (PTI):** ઉત્તર પ્રદેશના બહરાઇચમાં જેને કારણે હિંસા ફાટી નિકળી હતી તે એક શખ્સની હત્યાના પાંચ શકમંદોની આજે યુપી પોલીસ સાથે અથડામણ પછી ધરપકડ થઇ હતી જેમાંથી બે શકમંદોને ગોળી વાગવાથી ઇજા થઇ હતી એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓ કથિત રીતે નેપાળ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જે નેપાળની સરહદ બહરાઇચ જિલ્લાને લાગે છે એમ અધિકારીએ જણાવ્યું હતું. પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે એમ એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ(કાયદો અને વ્યવસ્થા) અમિતાભ યશે એક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું. અથડામણ અંગે તેમણે જણાવ્યું હતું કે મારી પાસે સામ સામા ગોળીબાર અને ગોળીઓથી ઇજાની માહિતી છે. યશ, કે જેઓ યુપી પોલીસના સ્પેશ્યલ ટાસ્ક ફોર્સના વડા પણ છે તેમણે જણાવ્યું હતું કે હત્યા અને તે પછી ફાટી નિકળેલી હિંસા અંગે યુપી પોલીસ તપાસ કરે છે અને તેમાં એક આરોપીની

...અનુસંધાન પાના 12 પર

# મેરિટલ રેપ: સુપ્રીમે કહ્યું કે પતિઓને મુક્તિ આપતા કાયદાની બંધારણીય યોગ્યતા ચકાસીશું

**લગ્ન** જીવનમાં પતિ સામે બળાત્કારના ગુનાઓ નોંધાશે તો તેનાથી લગ્ન સંસ્થાને નુકસાન થશે તેવી કેન્દ્રની રજૂઆત પર અરજદારોના અભિપ્રાયો માગ્યા

**સુનાવણી** ૨૨ ઓક્ટોબરથી શરૂ થશે

**નવી દિલ્હી, તા. 17 (PTI):** સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે તે ઈન્ડિયન પીનલ કોડ(આઈપીસી) અને ભારતીય ન્યાય સંહિતા(બીએનએસ)ની તે જોગવાઈઓની બંધારણીય વૈધતા ચકાસશે જે જો કોઈ પતિ પોતાની સગીર વયની નહીં હોય તેવી પત્નીને તેની સાથે જાતીય સંબંધ બાંધવાની ફરજ પાડે તેવા સંજોગોમાં તેને બળાત્કારના ગુનામાંથી મુક્તિ આપે છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા(સીજેઆઇ) ડી. વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બનેલી બેન્ચે આવા કૃત્યને બળાત્કાર ગણવાની માગણી કરતા અરજદારોના અભિપ્રાયો કેન્દ્રની એવી રજૂઆત પર માગ્યા હતા જેમાં કેન્દ્ર સરકારે કહ્યું હતું કે આવા કૃત્યોને સજાપાત્ર ગણવા એ

...અનુસંધાન પાના 12 પર

**તા. ૧૭-૧૦-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૬° સે. | ૨૬.૪° સે. | ૮૫% |

રૂપિયા સાફ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઇમીંગમાં કમી, શિઘ્રપતન, નિ:સંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202

since 2010 શ્રી RAO ENTERPRAISES
sale
ONLY 5 DAYS Friday to Tuesday 18 19 20 21 22 October-24 Time: 10am-10pm
PARK AVENUE | WOODLAND | U.S. POLO ASSN. | Pepe Jeans | HRX | Raymond
MALE, FEMALE & KIDS
1000/- થી 5000/- સુધી વેચાતા નેશનલ ઇન્ટરનેશનલ ગાર્મેન્ટ્સ માત્ર 200/- થી 800/- રૂ.માં
BRANDED FOOTWEAR
NIKE | WOODLAND | adidas | Reebok
3000/- થી 15000/- સુધીના સ્પોર્ટ્સ શૂઝ અને ચપ્પલ માત્ર 500/- થી 2000/- અને વધુ
VIP કાઉન્ટર
2000/- થી 5000/- સુધી વેચાતા લેડીઝ ટોપ, જીન્સ, શોર્ટ્સ, કુર્તી (L-5XL) માત્ર 200/- થી 700/- રૂપિયામાં
પ્રીમિયમ પાર્ટીવેર
2000/- થી 5000/- સુધી વેચાતા લેડીઝ ટોપ, જીન્સ, શોર્ટ્સ, કુર્તી (L-5XL) માત્ર 200/- થી 700/- રૂપિયામાં
પ્રીમિયમ બ્લેઝરઃ
3000/- થી 10000/- સુધી વેચાતા જેન્ટ્સ બ્લેઝર માત્ર 1500/- માં
તેરાપંથ ભવન
અશોક પાનની ગલીમાં, સિટીલાઇટ, સુરત
FREE ENTRY-PARKING | TIME: 10 am- 10 pm | Digital Payment Accepted